3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૩૨

વર્ષ-૬ • અંક-૩૨૩ • સળંગ અંક - ૨૩૨૩ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૪.૧૦

સંવત - ૨૦૮૨

મહા વદ-૦૧, સોમવાર

તા. ૦૨-૦૨-૨૦૨૬

સૂર્યાસ્ત - ૦૬.૩૦.૩૬

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**ડેપા**ના **ચંપાબેન વસનજી શાહ/મારૂ** (ઉ.વ. ૮૪) તા. ૩૧.૧.૨૦૨૬ના અવસાન પામ્યા છે. સુંદરબેન મોરારજી કોરશીના પુત્રવધુ. સ્વ. વસનજી મોરારજીના ધર્મપત્ની. મિનલ, રૂચીના માતુશ્રી. નાગલપુર વિરલ શરદ વીરાના સાસુ. દિવીશાના નાની. ડેપા ઠાકરશી મોરારજીના ભાઈપત્ની. નિર્મળાબેનના જેઠાણી. નયન, મોખા સૂરભિ કિરણ રાંભીયાના માતાતુલ્ય કાકી. ડેપા ખીમજી, દામજી, ટોકરશી, કાંડાગરા ઊમરબાઈ ખેતશીના ભત્રીજાવહુ. નવીનાળ હાંસબાઈ વીરજીના દોહીત્રાવહુ. લાલજી, વીરજી, સાકરબેન, રતનબેનના ભાણેજવહુ. ડેપા દેવકાબેન/મમીબાઈ રામજી વેલજી ભીમશીના સુપુત્રી. હેમરાજ, તારાચંદ, ચોટીલા હેમકુંવર કાકુભાઈના બેન. મુક્તાબેન, કુસુમબેનના નણંદ. હીરજી, ડુંગરશી, તેજશી, તલકશી, નરશી, ગગુભાઈ, ઉમરબાઈ, વેજબાઈના ભત્રીજી. મોટા આસંબીયા રતનબેન ઉમરશી ગાલા, દેશલપુર દેવકાબેન જેસંગ છેડાના દોહીત્રી. દેવજી, લખમશી, હીરજી, રામજી, વેલજી, ડુંગરશી, પ્રેમજી, સુંદરબાઈ/પાનબાઈ, હીરબાઈ, મઠાબાઈ, જીવીબેનના ભાણેજી. નાગલપુર તારાબેન શરદ વસનજીના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. વસનજી મોરારજી શાહ : ૧૩, નરેશ સ્મૃતિ, બીજે માળે, વી.પી. રોડ, એસ.એલ. રોડ કોર્નર, મુલુંડ-વે., મુંબઈ-૮૦. મિનલ-૯૮૬૭૮૭૮૭૮૪, રૂચી-૯૩૨૬૨૩૬૫૩૬, નયન-૯૮૨૦૧૨૬૨૭૨.

4/1/1 -------- (1-1)



**ભુજપુર**ના **શ્રી નવિનચંદ્ર વિસનજી દેઢીઆ** (ઉ.વ. ૯૩) તા. ૩૧-૧-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. સ્વ. હેમલતાબેનના પતિ. માતુશ્રી મીઠાબાઈ વસનજી રતનશીના પુત્ર. વડાલાના માતુશ્રી મમીબાઈ વેલજી લધા નિસરના જમાઈ. હીના, પારૂલ, પ્રાચીના પિતાશ્રી. સુરેન્દ્રનગરના ડો. હરેશ ભોગીલાલ,મેરાઉના પ્રફુલ ડો. પ્રેમજી, બાડાના સંજીવ માવજીના સસરા. કેવીન, રીખવ, ઈશીતા, પ્રણવ, પાર્શ્વના નાના. શીતલ, મીનલ, કાંડાગરાના મૌલિક ધીરજ છેડા, નીતી, જૈનાના નાનાઈ સસરા. દિયા અને માયરાના મોટા નાના. નવીનાર સાકરબેન ગાંગજી, બેરાજા મણીબેન નાગજી, મુંબઈ દિવ્યાબેન નરેન, ઉર્મીલાબેન વસનજીના ભાઈ. વડાલાના ઝવેરબેન જાદવજી, રતનબેન મનહરલાલ, સુશીલાબેન હરીલાલ, ઈલાબેન અનિલના નણંદોઈ. સુરેન્દ્રનગર કંચનબેન ભોગીલાલ શાહ, મેરાઉના નિર્મળાબેન ડો. પ્રેમજી ગાલા, બાડાના કસ્તુરબેન માવજી નંદુના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે.** સદ્ગતનાં આત્મશ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા. નિ. પ્રાચી સંજીવ નંદુ, એ-૧૦૦૨, એનીગ્મા, ઓબેરોય ટાવર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મું. ૪૦૦૦૮૦. મો. પ્રાચી નંદુ-૭૫૦૬૦૨૧૩૩૩.

4/1/1 -------- (1-2)



**કોડાય**ના **માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી દેઢીયા** (બનારસ) (ઉ. ૯૬) તા. ૩૦-૧-૨૬ મુંબઈમાં અવસાન પામ્યા છે. વીરજી રતનશીના પુત્રવધુ. ખીમજીના પત્ની. શૈલેષ, ભરત, ભારતી, વિજય, કીરીટના માતુશ્રી. દીલીપ લધુભાઈ, નિર્મળા, તારા, કોમલના સાસુ. દેવશી પાંચારીયા, મેરાઉના દેવશી ધરમશીના પુત્રી. કોડાયના ઓભાયા દેવશી, મેરાઉના ખેતશી, કુંવરજી, મેઘજી, મોરારજી, ભીંસરાના કેસરબેન જેઠાલાલના બહેન. હીરબાઈ, રતનબાઈ, તેજબાઈ, સુંદરબાઈના નણંદ. કોડાયના રામજી વીરજી, રાયણના ચુનીલાલ વીરજી, કોડાયના મણીબાઈ તલકશીના ભાભી. કોડાયના રતનબાઈ, રાયણ દમયંતીના જેઠાણી. અજય, મયંક, મનીષ, દેવેન, રૂપેશના દાદી. કેકીન, નિમેષના નાની. દીપા, પ્રાચી, જ્યોતિના મોટા સાસુ. હર્ષા, નેહાના નાની સાસુ. હેત, સાનવી, નિલયના મોટા દાદી. મનન, વંશના મોટા નાની. મેરાઉના મણીબેન દેવરાજ, બેરાજાના સાકરબેન નથુભાઈ, કોડાયના કુંવરબાઈ લધુભાઈ, અમલસાડના મધુબેન શંકરલાલના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. કીરીટ દેઢીયા, ૧૭૦૨, શ્રી સિધ્ધી વિનાયક SRAZ, ઈરાનીવાડી રોડ નં.૪, કાંદીવલી (વે.), મું. ૬૭. કીરીટ-૯૨૨૪૩૯૭૦૯૫, ભરત-૮૨૯૯૩૬૭૭૩૦, નિર્મળા-૯૮૨૧૪૫૬૭૭૮, ભારતી-૯૮૬૯૭૮૩૭૯૬.

4/1/1 -------- (1-3)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**સુ-મતિ ગ્રુપ-મુલુંડ (ઈ.) ૯૮૨૦૦૫૨૯૩૬**

## શૈક્ષણિક

### લગ્નજીવનની સુવર્ણ જયંતિ પ્રસંગે હાર્દિક વધામણા – સોનગઢ રત્નાશ્રમ

સુંદર અને નૈસર્ગિક આહલાદક વાતાવરણ વચ્ચે બાળકોના સર્વાંગી વિકાસ કરવાનું અને બાળકોમાં ધાર્મિક અને સામાજિક સુંદર વાતાવરણ સોનગઢ રત્નાશ્રમમાં થાય છે. ગામ ગુંદાલા – થાણાના શ્રીમતી રસીલાબેન અને ધીરજભાઈ વેલજી સતરાની તા. ૨૨/૧/૨૦૨૬ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ પ્રસંગે સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-આપીને પોતાની ખુશાલી વ્યક્ત કરી. જ્યાં સમાજના ૫૨૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર પોતાનું જીવન ઘડતર કરી રહ્યા છે. લી. સંજય જવેરચંદ ગાલા – ભૂ.વિ. મંડળ– પ્રતાપર M.No.: 8108498818.

2/1/1(1) -------- (A-20660)(1-5)




### વ્યક્તિની ઉંચાઈનું આધારરૂપ કેન્દ્ર બિંદુ એટલે સોનગઢ રત્નાશ્રમનો વર્ગ ખંડ

સાચા જૈન શ્રાવકનું ભાવિ સોનગઢ રત્નાશ્રમનાં વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે. આ વર્ગખંડમાં જ બાળકને શું બનવું છે તેનાં વિચારો સ્ફુરીત થતાં હોય છે. એવા વર્ગખંડો એટલે સોનગઢ રત્નાશ્રમ. અહીંના વર્ગખંડમાંથી બાળકને જીવનમાં આવતા નવા પડકારો સામે લડત લડવાની પ્રેરણા મળે છે. અહીંના વર્ગખંડમાંથી બાળકને માત્ર શિક્ષણ જ નહીં પણ સાથે સાથે જીવન જીવવાની યોગ્ય કળા શીખે છે જેમ કે સંસ્કાર, સદાચાર, નીતી, નિયમ, શિસ્ત વગેરે. ગામ : દેવપુર-ઘાટકોપર (ઈ.) નાં માતુશ્રી મણીબેન રામજી કાનજી ગાલા હસ્તે ગણેશ ચા વાળાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું વિદ્યાદાન અર્પણ કરી એક સુંદર કાર્ય કર્યું તે બદલ રત્નાશ્રમ પરીવાર ગાલા પરીવાર આપનો આભાર વ્યક્ત કરે છે. લિ. પ્રેમચંદ દેવજી ગાલા-વાલી મંડળ સભ્ય-વાંકી-૯૩૨૨૭૫૧૧૮૭.

4/1/1(12) -------- (A-20746)(1-6)

### શ્રી છેડા ભાવિક મંડળ ડોંબીવલી કુળદેવી શ્રી અંબે માઁ જી દસમી સમૂહ પહેડી જો નોતરો

કચ્છ-કંઠી-અભડાસે જા ૫૨-૪૨ ગામેં જા થાણા થી કર્જત-કસારા, ભીવંડી મેં વસઘલ મડે છેડા ભાવર અને નીયાણી ભેણેં કે તથા પહેડી જા લાભ ગનઘલ દાતા પરિવારેં કે જાણ કરે મેં અચેતી કે, પાંજે કુળદેવી શ્રી અંબે માતાજી જી ડોંબિવલી મેં દસમી સમૂહ પહેડી ફાગણ સુદ -૫ રવિવાર તા.૨૨.૦૨.૨૦૨૬ જી સલૂણી સવાર જો નક્કી કરે મેં આવઈ આય. શુભ ઠેકાણું : શ્રી હોરાઈઝન હોલ, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ). પહેડી જો ડીંને ઠેકાણું મન મેં લખી રખજા અને માં જી પહેડી મેં અંઈ મડે સહપરિવાર જરૂરથી ભોલે વગર પોજી અચીજા ભલા! પહેડી જે વગતવાર કાર્યક્રમ જી જાણ ખબર પત્રિકા જે માધ્યમ સે કરે મેં અચીંધી. સંપર્કઃ શ્રી મૂકેશ મણીલાલ છેડા, મો. ૯૮૧૯૮૯૯૩૨૨. લિ. શ્રી છેડા ભાવિક મંડળ ડોબિવલી વ્યવસ્થાપક સમિતિ જા જજા જજા જય અંબે.

4/1/1(13) -------- (B-20745)(1-4)

### શ્રી પત્રી સચ્ચા માતાજી ભાવિક મંડળ

ધરોડ તથા મોતા નુખનાં પત્રી સ્થાને નમતા શ્રી સચ્ચામાતાજી અને શ્રી ખેતરપાળદાદાને નમતા સર્વે ભાવિકો જોગ.

- શ્રી સચ્ચા માતાજી અને શ્રી ખેતરપાળદાદાના મંદિરના નુતનીકરણ અને એકીકરણના આગળના કાર્યક્રમ માટે દરેક ભાવિકોને ચુલા દીઠ કુંટુંબ માહિતી પત્રક ભરવું જરૂરી છે. તેમ જ આપણી જાણમાં કોઈ રહી ગયું હોય તો તેમનું પણ ધ્યાન દોરી અને ભરાવવું જરૂરી છે. જેથી નવા મંદિરના ઉદ્ઘાટન વખતે દરેકનો સંપર્ક કરી શકાય.
- ફોર્મની સંપૂર્ણ વિગત ભર્યા બાદ પાછા આપવા અથવા નવા મેળવવા માટે નીચે આપેલ સેન્ટરો પર આપવા અથવા મેળવવા.
- (૧) હિંદમાતા, દાદર (ઈસ્ટ)-વીરજી કે. શાહ, ૭ કોમરેડ ચેમ્બર્સ, ગોવિંદજી કેની રોડ, અહમદ સેલર્સ બીલ્ડીંગ નં. ૧ની સામે. મો.નં. ૮૮૫૦૩૨૮૩૨૨
- (૨) ડોંબીવલી (ઈસ્ટ)-કેતનભાઈ શામજી ધરોડ, સુપર પ્લાઝા, બદરી સદન, તિલક રોડ, કારવા હોસ્પીટલની બાજુમાં. મો.નં. ૯૦૨૯૭ ૬૦૮૩૧
- (૩) નાલાસોપારા (ઈસ્ટ)-નિરવ રતીલાલ ધરોડ, અનમોલ યુનીફોર્મસ, શોપ નં.-૩, ગણેશ શોપીંગ, આચોલે હોસ્પીટલની સામે, ભારત ગેસની બાજુમાં, આચોલે રોડ. મો.નં. ૯૮૯૦૦ ૪૪૧૫૪
- (૪) બોરીવલી (ઈસ્ટ)-પિયુષ તલકશી ધરોડ, પિયુષ બિલ્ડીંગ મટીરીયલ, શોપ નં.૬, અષ્ટવિનાયક, કાર્ટર રોડ નં.૩, સાઈધામની સામે. મો.નં. ૯૮૨૧૪ ૬૯૩૯૭
- (૫) ભાંડુપ (વેસ્ટ)-પ્રતિક મણીલાલ ધરોડ, ફેબ્રીક્સ, શોપ નં.૩, સ્ટેશન પ્લાઝાની સામે, સ્ટેશન રોડ. મો.નં. ૯૮૬૭૪ ૯૬૨૨૨
- લિ. શ્રી સચ્ચામાતાજી ભાવિક મંડળનાં ટ્રસ્ટીઓના જય શ્રી સચ્ચા મા.
- જાહેરાત સૌજન્ય: BHAVNA ROADWAYS, શ્રી પ્રવિણચંદ્ર મગનલાલ નાગશી અને શ્રી મણીલાલ મગનલાલ નાગશી ધરોડ-પત્રી/બોરીવલી.

4/1/1(2) -------- (A-20734)(2-1)

### ''સોની કાનજી આણંદજી જ્વેલર્સ'' ! રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(7) -------- (N-20730)(2-2)




## મહિલા સંસ્થા સમાચાર

### શ્રી ભોજાય ભગીની મંડળ દ્વારા આયોજિત આગામી કાર્યક્રમોની માહીતી

કાર્યક્રમ - ૧ મુંબઈ દર્શન. ચાલો મુંબઈની શાન એવા સ્થળોની મુલાકાતે સમૂહમાં જઈએ.

- તા. ૨૧ ફેબ્રુઆરી ૨૬.
- દિવસ - શનિવાર.
- સમય : સવારે ૭ વાગે
- લક્ઝરી એ.સી. બસ દ્વારા પ્રવાસ. મુલાકાતનાં સ્થળો : ગેટ વે ઓફ ઈન્ડીયા, ઓવલ મેદાન, મણીભવન, હેંગીંગ ગાર્ડન, બાબુ પન્નાલાલ દહેરાસર મલબાર હીલ વાલકેશ્વર, ખોતાચી વાડી (એતિહાસીક હેરીટેઝ ગામ), બાન્દ્રા બેન્ડ સ્ટેન્ડ, જીયો ફાઉન્ટન ઓફ જોય વગેરે સાથે ફ્રી વે, સમુદ્ર નીચેથી પસાર થતી ટનલ, વરલી સી લીંક વગેરે માર્ગો પરથી પસાર થવાનો રોમાંચ !
- નિષ્ણાંત ગાઈડ દ્વારા મુંબઈનાં સ્થળોનો ઈતિહાસ અને પુરક માહીતી.
- લંચ, ચા-કોફી, સ્નેક્સ તો ખરું જ
- રજીસ્ટ્રેશન ફી ૮૦૦ રૂ. લીમીટેડ સીટ હોવાથી જલ્દીથી નામ નોંધાવવા સંપર્ક : ગીતા ગાલા-૯૮૨૧૦૩૫૩૯૧, આરાધના પાસડ-૯૯૩૦૦૪૧૭૭૩.

કાર્યક્રમ-૨ : મહીલા દિનની ઉજવણી. બી.એન. વૈદ્ય ગાર્ડનમાં ડબ્બા પાર્ટી. તા. ૨ માર્ચ ૨૬. દિવસ : સોમવાર. સમય : ૩.૩૦ વાગે.

- વધુ વિગત ગ્રુપમાં જણાવવામાં આવશે. લિ. મંત્રી.

4/1/1(9) -------- (A-20724)(2-3)

### શ્રી ભોજાય ભગીની મંડળ

શ્રીમતી રેખાબેન ગાંગજી હંસરાજ ગડાનાં પૌત્ર, શ્રીમતી લીના રાજીવ ગડાના પુત્ર ચિ. ઉમંગ આશનાના લગ્નની ખુશાલી નિમિત્તે મંડળને ૨૧,૦૦૦ રૂ. ભેટ મળેલ છે. મંડળ એમનો સહ્દયે આભારી છે. લિ. મંત્રી.

4/1/1(8) -------- (A-20725)(2-4)

### ઘાટકોપર ક.વિ.ઓ. મહીલા સંગમ

વર્ષ ૨૦૨૬ની નવી તેમ જ રિન્યુઅલ મેમ્બરશિપ તા. ૦૪.૦૨.૨૦૨૬, બુધવારના બપોરના ૪.૦૦ થી ૫.૦૦ કલાકે જીરાવલ્લા દેરાસરમાં લેવામાં આવશે. ઘાટકોપર ઈસ્ટ વેસ્ટ તેમજ આજુબાજુના પરિસરમાં રહેતા બહેનો જોડાઈ શકે છે.. તો ચાલો બહેનો ! જો જો આ મોકો ચૂકતા નહીં.

- ૨૦૨૬ વર્ષનો પહેલો પ્રોગ્રામ ૨૦-૦૨-૨૦૨૬ ના રહેશે.. જેની ખાસ નોંધ લેશોજી. સંપર્ક : જ્યોતિ સાવલા - 9967677991. લિ. મંત્રીઓ.

4/1/1(11) -------- (A-20747)(2-5)

### વેચાણ માટે

1 BHK ફ્લેટ વેચાણ માટે રૂ. ૬૭ લાખ, (જુની બીલ્ડીંગ) અને રૂ. ૭૨ લાખ (નવી બીલ્ડીંગ) With OC થાણે વેસ્ટ (ટેમ્બી નાકા) ફ્લેટ, દુકાન, ગોડાઉન, પ્લોટ વેચાણ માટે સંપર્ક કરો : 9221358888. વિરાગ ગંગર.

4/1/1(16) -------- (B-20766)(2-6)

### સાચી જરી - સાચી જરી - સાચી જરી સારા ભાવે વેંચવા મહાવીર - માટુંગા

૪૭ વરસથી એમ્બ્રોઈડરી ફેમસ મહાવીર એમ્બ્રોઈડરી માટુંગા સાચી જરીની દરેક આઈટમ બઝારથી વધારે ભાવથી ખરીદશું. તરત જ કેસ પેમેન્ટ ચાંદીના ભાવમાં તોતીંગ વધારો આવો ચાન્સ જલ્દી નહીં મળે શ્રી મહાવીર એમ્બ્રોઈડરી, ફુલ ગલ્લીની સામે, માટુંગા ૮૬૫૨૨૩૯૫૩૭ / ૯૮૩૩૯૧૬૫૧૦ સોમ બંધ.

2/1/1(1) -------- (B-20578)(2-7)

### ચાલો સ્ટેચ્યુ યુનીટી, મણીલક્ષ્મી તીર્થ, પોઇચા, ૪-૨ અને ૧૨-૨ ફુલ, ૬-૪, ૨૦-૪માં જુજ સીટો

રમણ શેઠીયા સંચાલિત મણીલક્ષ્મી તીર્થ, પંચતીથી સાથે સ્ટેચ્યુ યુનીટી જેમાં વ્યુ પોઈન્ટ, મ્યુઝીયમ, વિવિંગ ગેલેરી, લેઝર શો, ક્રુઝ, જંગલ સફારી, મેઝ ગાર્ડન, દિ. ૩ એ.સી. બસ, એ.સી. રૂમો ઘર જેવું ટેસ્ટી ભોજન, સ્ટેચ્યુમાં ૪ સ્ટાર હોટલ અને ફરવા માટે પ્રાઈવેટ વાહન. (૨) ગીરનાર તીર્થ દિ. ૭, ૫-૪. સં. રમણ શેઠીયા-9372971397, જય શેઠીયા-9326205589.

4/1/1(6) -------- (B-20731)(2-8)

### ચેમ્બુરમાં 'ચીરાગ આર્ટસ' ની અમેરીકન ડાયમંડ જ્વેલરીનું બુધવારે એક્ઝીબીશન

ચેમ્બુરની બહેનો...'ચીરાગ આર્ટસ' કાંદીવલીના રીયલને ટક્કર મારે એવા અમેરીકન ડાયમંડના પેન્ડલ બુટ્ટી સેટ, નેક્લેસ સેટ લોંગ એરીંગ્સ , બાલીઓ, એડજસ્ટેબલ વીંટીઓ, હેરિટેજ એન્ટિક સેટ અને મોતી સેટસનું એક્સક્લુઝીવ કલેક્શન જોવા આવવાનું ચુકશો નહીં.

- ચેમ્બુર માં તા. ૪-૨, બુધવાર ના રંજન કમલેશ ગાલા ( દેવપુર) ના ઘરે. ટા. ૨ થી ૮. એડ્રેસ : બી ૩૦૪ અનુ-સ્મેરા સેલેસ્ટે ત્રીજો રોડ, નેચરલ ડેરી ની પાસે , ચેમ્બુર.
- ચેમ્બુર એક્ઝીબીશન માં મીના ગાલા (ગેલડા / નાની ખાખર ના પોતાના બનાવેલા 24K સોનું ચઢાવેલા ગોલ્ડ રોડિયમ નાં જાડા ચેનો, ૩ લાઈનના લોંગ શોર્ટ ચેનો, સાતધાની પેન્ડલો, ચંદનહાર અને પાટલા માં ફુલ ન્યુ સ્ટોક જોવા મળશે.
- ચીરાગ ગાલા મો. 9619453802, 9324848187.

4/1/1(5) -------- (B-20732)(2-9)

### ઘાટકોપર (વેસ્ટ)માં 2 BHK ભાડે આપવો છે

- સ્ટેશનથી ૭ મીનીટનાં અંતરે સર્વોદય હોસ્પીટલની બાજુમાં, સિદ્ધાચલ રેસીડેન્સી નવા ટાવરમાં ૨ લાખ ડીપોઝીટ ૬૦ હજાર ભાડુ (નીગો)
- મુલુંડ (ઈસ્ટ) માં ૧૦૦ ફુટ કારપેટ ઓનરશીપ દુકાન વચેવી છે. રૂ. ૫૫ લાખ (નીગો) બ્રોકર આવકાર્ય. મળો રાજેશ દેઢીયા (ભુજપુર) ફોન-૯૮૯૨૦૩૯૯૫૩, વોટસએપ-૮૪૨૫૦૩૯૯૫૩.

4/1/1(15) -------- (B-20757)(2-10)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

PREMIUM QUALITY FOOD

LET US WORRY ABOUT THE FOOD WHILE YOU ENJOY YOUR CELEBRATION

SoulPlate

Catering & Home Delivery Services

We provide food delivery and Catering service for Parties, Get-togethers, House warming, Engagment and Wedding functions, Corporate events, Destination Wedding and other events.

આપના નાના મોટા શુભ પ્રસંગની ઉજવણી અમારા સ્વાદિષ્ટ અને હાઇજેનિક વ્યંજનોથી કરો.
'SoulPlate' પર એક વખત વિશ્વાસ મુકશો તો સોનામાં સુગંધ મળશે.

- Authentic Taste
- Hygienic Preparation
- Premium Quality
- Available in Jain

Contact Us:

Deep Pravin Soni 9664156360
Shantilal Lalji Nandu 9324025674

(CLC-20705)

Bay of Snacks

## શ્રી દહિસર કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

Komal®

### જીવનયાત્રા

આરોગ્ય સંપદા - કવિઓ જ્ઞાતી જાન્યુઆરી - ૨૦૨૬ ની વિગત

| ક્રમાંક | મરણ ની વિગત/ Reason of Death | પુરૂષ | સ્ત્રી | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | હાર્ટ ફેલ (Heart Attack) | ૧૭ | ૦૮ | ૨૫ |
| ૨ | સંથારો/અનસન્ વ્રત | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૩ | કેન્સર | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૪ | બ્રેન હેમરેજ (Brain Stroke) | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૫ | અકસ્માત | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | અન્ય (માંદગી/ટુંકી માંદગી/અવસાન વી.) | ૪૨ | ૬૫ | ૧૦૭ |
| | ટોટલ | ૬૩ | ૭૭ | ૧૪૦ |

અન્ય માહિતી - જાન્યુઆરી - ૨૦૨૬

| ક્રમાંક | વિગત | ટોટલ | ટકાવારી | |
|---|---|---|---|---|
| ૧ | પ્રાર્થના સભા નથી રાખેલ | ૯૪ | ૬૭.૧૪% | |
| ૨ | પ્રાર્થના સભા રાખેલ - ક. લ. નિસર હૉલ | ૨૧ | ૧૫.૦૦ % | |
| ૩ | પ્રાર્થના સભા રાખેલ - યોગી સભાગૃહ | ૦૬ | ૦૪.૨૯% | |
| ૪ | પ્રાર્થના સભા રાખેલ - અન્ય સ્થળ | ૧૯ | ૧૩.૫૭% | |
| | ટોટલ | ૧૪૦ | ૧૦૦% | |
| ૧ | દેહદાન | ૦૧ | | |
| ૨ | ફકત ચક્ષુદાન | ૦૪ | | |
| ૩ | ફકત ત્વચાદાન | ૦૩ | | |
| ૪ | ચક્ષુદાન અને ત્વચાદાન | ૦૫ | | |
| | ટોટલ | ૧૩ | | |

માહિતી સ્તોત્ર :– કવિઓ જૈન ખબર પત્રિકા
માહિતી સંકલનકાર :– મણિલાલ પ્રેમજી દેઢિયા, દહિસર - મેરાઉ, મુંબઈ-૪૦૦ ૦૬૮.
સંપર્ક : ૯૮૬૯૧૧૩૮૭૫. (આ માહિતી કવિઓ જ્ઞાતિ માટે છે.)



**સૌજન્ય: કોમલ ટ્રેડીંગ કોર્પોરેશન દહિસર-મેરાઉ**

(CLC-20743)

SHRI CUTCHI VISA OSWAL DERAWASI JAIN MAHAJAN MUMBAI
Sanchalit
SHRI C. V. O. D. MEDICAL CENTER - GHATKOPAR
Derasar Lane, Ghatkopar-East

**Skin Specialist**
**Dr. Chirag Desai**
MBBS, DDVL, FDD (MUHS), FDP (Germany), Consultant Dermatologist, Hair xpert and cosmetic dermatologist
**Tuesday**
Timing : 12.30 pm to 1.30 pm

**Diabetologist**
**Dr. Anisha Rachit Shah (Vidh)**
MBBS, C. DIAB
**Monday**
Timing : 10 am to 11 am

For Appointment Call
8454888711

**હરિયા ટ્રાવેલ્સ ૨૦૨૬ ટૂર પેકેજીસ**

આસામ મેઘાલય અરૂણાચલ ૧૨ દિ. PP 60000/- કિન્નોર સ્પીતી દિ. ૧૧ P.P. 56000/-, લેહ લદાખ ૭ દિ. P.P. 33000/-, હીમાચલ ૯ દિ. P.P. 40000/-, કાશ્મીર ૭ દિ. P.P. 30000/-, ભૂતાન ૯ દિ. P.P. 65000/- શ્રીલંકા અને થાઈલેન્ડ માટે કસ્ટમાઈઝડ પેકેજ મળશે. ૩ સ્ટાર હોટલ્સ, લકઝરી વેહિકલ, ભરપૂર સાઈટસીન, બધા જ ભોજન, મહારાજ સાથે, વધુ વિગત અને બુકિંગ માટે સંપર્ક : શીતલ હરીયા– ખાર વેસ્ટ. મો. 8779112094.

4/1/1(3) --------- (B-20355)(3-1)

**હેઝલ ઓફિસ સ્ટાફ – ખાર (વે.)**

એક્સપીરીયન્સ / ફ્રેશર ફીમેલ ઓફિસ સ્ટાફની જરૂર છે. સારી સેલેરી મળશે. સં. પંકજ છેડા–9869559938.

4/1/1(2) --------- (B-20645)(3-2)

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે ઘરનાં બધા વ્યક્તિઓ સાથે મળીને ધર્મ ચર્ચા કરવી અથવા ઘરસભા કરવી (પરીવારજનો સાથે આત્માનાં ગુણોને ખીલવવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ–મોખા)

2/1/1(10) --------- (A-20729)(3-3)

**સ્પીતી – તવાંગ – લદાખ – હીમાચલ**
**ઓફબીટ કાશ્મીર – યંગસ્ટર્સ ૧૫ થી ૨૫ વર્ષ**

માર્ચ–એપ્રીલ–મે–જુન વેકેશનને બનાવો યાદગાર નવા મિત્રો, નવી જગ્યાઓ, નવું સાહસ અને એ જ જુની–જાણીતી હેઝલ ટુર સાથે માણો લકઝરી ટુરો. પ્રીમીયમ હોટલ સ્ટે, જમણ અને અનલીમીટેડ ફન. તો ચાલો મિત્રો જલ્દી મળીયે એક નવા એડવેન્ચર પર સં. પંકજ છેડા : 9869559938, કૈલાષ માનસરોવર યાત્રાની બુકીંગ ચાલુ છે.

2/1/1(4) --------- (B-20362)(3-4)

**Furniture Available for Sale**

Supermarket furniture, trolleys, cash counters, medical storage counter available for sale contact -Vishal Jagani - 8779277297.

4/1/1(14) --------- (B-20744)(3-5)



# મેડીકલેઈમ પોલીસી

ફેમીલી ફલોટર મેડીકલેઈમ પોલીસી ૫ લાખ થી ૧ કરોડ /અનલીમીટેડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે. સેલ્ફ ડિકલેરેશન ફરજીયાત. (Self Declaration Compulsory)

- કોઈ કોપે નહીં. UNLIMITED RESTORE & 100% NCB LIFE LONG
- કોઈ પૂર્વ ફરજીયાત આરોગ્ય તપાસ નહીં Upto 100 Years
- A+B+C+D COVER FROM DAY ONE & No Loading
- કોઈ રૂમના ભાડા પર કોઈ મર્યાદા નહીં, ICU પર કોઈ મર્યાદા નહીં.
- 3 વર્ષની પોલીસી કઢાવી વધારાનું S.A. મેળવો (5 times) પ્રીમીયમમાં ડિસ્કાઉન્ટ મેળવો તથા ઈન્ફલેશનના હિસાબે વધતા પ્રીમીયમમાં વધારાથી બચો.
- આપની હાય વેલ્યુ કારની પોલીસી લેતા પહેલા અમારી પાસેથી પ્રીમીયમ (Competitive ક્વોટ) મેળવી પ્રીમીયમ તેમ જ સર્વીસમાં ફાયદો મેળવો. હવે 3 લાખ ૪ લાખ S.A.પણ મેળવો.
- ૩૯૪૬/- થી ૧૪૭૬૫/- મા (૪૫-૫) લાખ સુધીનુંબે વ્યક્તિનુંમેડીકલ કવર મેળવો.
- 3 અને ૪ લાખની પોલીસી પણ મળશે.

| SUM INSURED | TOTAL PREIMIUM (5 YEARS) | JUST PER DAY |
|---|---|---|
| Rs.30 Lakhs | RS.25064 | RS.13.92/Day |
| Rs.50 Lakhs | RS.43675 | RS.24.26/Day |
| Rs.1 Crore | RS.83466 | RS.46.37/Day |
| Rs.3 Crores | RS.242628 | RS.134.79/Day |

(CLC-20738)

વધુ વિગત : દિપક હરીયા
9324215583, 8149663224, 8433603880
Email : deepak.haria2016@gmail.com
ટા : ૯ થી ૪. Take tax benefit. GST માંથી રાહત મેળવો.

NEEL PARI - 9322299742



|| દાદર તીર્થ મંડન શ્રી કુંથુંનાથ સ્વામિને નમઃ || || દાદર તીર્થ મંડન શ્રી શીતલનાથ સ્વામિને નમઃ ||
|| નમો નમઃ ગુરૂ શ્રી ગૌતમ-સુધર્મા-આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરુત્તુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણસિંધુ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ||

# શ્રી દાદર અચલગચ્છ જૈન સંઘ (વેસ્ટ)

## પરમ ઉપકારી પૂજ્ય ગુરૂદેવને હાર્દિક વધામણા





બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા અમારા સંઘના પરમ ઉપકારી, સાહિત્યરત્ન, પરમાર્થમૂર્તિ, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી
કલાપ્રભસાગરસૂરીશ્વરજી
મ.સા. ને
ગુજરાતી ગૌરવ - ૨૦૨૬
એવોર્ડ થી સન્માનીત કરાતા
શ્રી દાદર અચલગચ્છ જૈન સંઘ (વેસ્ટ)
ગર્વની લાગણી અનુભવે છે.

(CLB-20773)

માનવભવ મૂલ્યવાન, જૈન કુળ વરદાન, સમજાવી ધર્મની નીતિ રિતી...
ગુરુવર અર્પે સન્મતિ પ્રભાવી કલાના સાગર સમા નમન આપને
લિ. ટ્રસ્ટીગણ, અધિકારીગણ, કારોબારી સભ્યો તથા સંઘના સર્વે શ્રાવક-શ્રાવિકાઓ

BINITA S. MARU - 9869034162



# શ્રી ગેલડા મુંબઈ મહાજન

# શ્રી ગેલડા જૈન મહાજન




## ગોલ્ડન - ગુણીયલ - ઘેલો ગેલડા

સમયચક્ર અવિરત ફરતું હોય છે અને અનુકૂળ અને પ્રતિકૂળ સમય દરેકના જીવનમાં આવ-જા કરતો હોય છે.
આપણા સારા સમય દરમ્યાન વધુમાં વધુ રકમ ગામના મહાજનમાં જીવદયા તેમજ સાધારણ ફંડમાં નોંધાવી પૂણ્ય ઉપાર્જનની સોનેરી તક... ઉપરાંત ગામમાં ચાલતી પ્રવૃતિઓને સમર્થક બળ પૂરવવા આપ સર્વને અપીલ કરીએ છીએ. અમારા સાદ ને ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે, પરંતુ આ પ્રવૃતિઓ મહાયજ્ઞ સમાન મોટી થતી જાય ત્યારે આપણે સર્વ સાધર્મિક પરિવારને ફરી ફરી અપીલ કરીએ કે
આપના દુઃખદ યા સુખદ પ્રસંગમાં દરેકને જોડી લેનાર અનુદાનની પ્રક્રિયાને વેગવંતી રાખશો....

છેલ્લા ઘણા વર્ષોથી ગામ ગેલડાના એક સદ્‌ગૃહસ્થ પરિવાર તરફથી કુતરાઓને ખીચડી-દુધ અને શ્રીમતી કેતકી દિવ્યેશ માવજી સૈયા તેમજ પુત્ર-પુત્રવધુ મીતી યશ સૈયા તરફથી કુતરાઓને રોટલા તેમજ અન્ય જીવદયાના કાર્યો માટે સાથ પુરાવનાર ગુણીયલ ગેલડાના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી હરેશ નાગજી વોરા | - | જન્મ દિવસ નિમિત્તે |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી વીરજી જેઠાભાઈ ફુરીયા | - | ૨ જી પુણ્યતિથિ નિમિત્તે |
| રૂા. ૩,૦૦૦/- | શ્રીમતી ઈલા ધીરજ સૈયા | - | જન્મ દિવસ નિમિત્તે |
| રૂા. ૨,૫૦૦/- | શ્રી નીરવ કાંતિલાલ વોરા | - | જન્મદિવસ નિમિત્તે |
| રૂા. ૧,૫૦૦/- | શ્રી હેમંત ભવાનજી સૈયા | - | જન્મદિવસ નિમિત્તે |
| રૂા. ૧,૧૦૦/- | શ્રી અશોક મોરારજી સૈયા | - | જન્મદિવસ નિમિત્તે |
| રૂા. ૧,૧૦૦/- | શ્રીમતી તૃષા રોનક ધીરેન વોરા | - | લગ્નતિથી નિમિત્તે |

સંપર્ક સુત્ર

| | | | |
|---|---|---|---|
| રીટાબેન હરેશ વોરા | લીનાબેન અશોક સૈયા | બીનાબેન હીતેશ વોરા | સેજલબેન વિનય ફુરીયા |
| 93231 01838 | 98192 95617 | 98336 60016 | 93202 47777 |

## ખાસ નોંધ : ડીઝીટલ વસ્તી ગણત્રી ફોર્મ બાબત

આપણા ગામની વસ્તી ગણત્રી તેમજ અન્ય માહિતી માટે ડીઝીટલ બુક બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના માટે આપણા ગામના વોટસ્એપ ગ્રુપો પર ડીઝીટલ ફોર્મ બનાવીને મુકવામાં આવેલ છે. જે ફોર્મમાં દરેક કુટુંબના કોઈ પણ એક વ્યક્તિ દ્વારા પુરા કુટુંબની વિગતો ભરવાની રહેશે. (ફોર્મમાં આપેલ સંપૂર્ણ વિગતો ભરવા નમ્ર વિનંતી.)
જે કોઈને ડીઝીટલ ફોર્મ ભરવામાં મુશ્કેલી થતી હોય તેમણે અન્ય કોઈની મદદ લઈને ફોર્મ ભરવા નમ્ર વિનંતી. જેથી આ કાર્ય ઝડપથી તેમજ સરળતાથી આગળ વધી શકે. તેમ છતા આ ફોર્મ ભરવામાં તકલીફ થતી હોય તો આપના કુટુંબની સંપૂર્ણ વિગત કાગળ પર લખી નીચે જણાવેલ મોબાઈલ નંબર પર વોટસ્એપ કરવા વિનંતી.
ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫-૨-૨૦૨૬ સુધી મોકલી આપવા નમ્ર વિનંતી.

મારું મહાજન મારી જવાબદારી

(CLB-20710)

વધુ વિગત માટે સંપર્ક
મનીષ સૈયા - 98339 98638 • પ્રદ્યોશ સૈયા - 98201 14104
લિ. શ્રી ગેલડા મુંબઈ મહાજન ▪ શ્રી ગેલડા જૈન મહાજન

# શાસનરત્ના પૂ. સુભદ્રાબાઇ મહાસતીજી ને

# શ્રદ્ધાંજલિ..



જન્મ તા: ૨૯-૦૩-૧૯૪૪ - લુણી
દિક્ષા તા: ૦૯-૦૫-૧૯૬૨ - લુણી
કાળધર્મ તા: ૩૧-૦૧-૨૦૨૬ - ઘાટકોપર, મુંબઇ

લુણી ગામના રત્નકુક્ષી **માતા સાકરબેન કુંવરજી રવજી દેઢિયા** ના ઘરે લક્ષ્મી સ્વરૂપે જેનો તા: ૨૯ - ૦૩ - ૧૯૪૪માં જન્મ થયો, **એવા શાંતાબેન** ચાર ભાઇ વચ્ચે એક ને એક બહેન. શાંતાબેન ને ધર્મની લગની નાનપણ થી લાગી અને ગુરૂણી પૂ. મણીબાઇ ના સંપર્ક થી વૈરાગ્ય ભાવ દઢ થતા ફક્ત ૧૮ વર્ષની વયે તા: ૦૯-૦૫-૧૯૬૨ના લુણી ગામે કચ્છ કેસરી આચાર્ય ભગવંત પુનમચંદ્રજી દિક્ષા દાતા અને મણીબાઇ મહાસતીજી ને ગુરૂણીમૈયા સ્વીકારી ને દિક્ષા લઇ **પૂજ્ય સુભદ્રાબાઇ મહાસતી** બન્યા અને ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો.

પૂ. સુભદ્રાબાઇ મહાસતી સ્પષ્ટ વક્તા હતા એટલે નિડર વક્તા નું બિરૂદ મળ્યું. કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઇમાં વિહાર કરી શાસન ની ખુબ જ પ્રભાવના કરી, તેથી તેમને શાસન રત્ન નો બિરૂદ મળયો.

પૂ. સુભદ્રાબાઇ મહાસતીજી એ કુટુંબ, લુણી ગામ, સંપ્રદાય શાસન અને ગુરૂ ગુરૂણીનું નામ રોશન કરેલ છે.

અવાર નવાર નાદૂરસ્ત તબિયત માં પણ સમતા ધારણ કરી કર્મો નો ભુકો બોલાવ્યો.

જીવનના અંત સમયે સભાનતા સાથે નવકાર નું સ્મરણ કરી, ધર્મ ને આત્મસાત કરી મોક્ષ ની યાત્રા એ પ્રયાણ કરેલ છે.

તેમની આ યાત્રા તેમને મોક્ષ સુખ પ્રાપ્ત કરાવે એવી લુણી ગામવાસીઓ ની હૃદયપૂર્વકની પ્રાર્થના...

લુણી ગામવાસીઓ ના જન જન હૃદયમાં તેમનું ચીર સ્મરણ હમૅશા રહેશે...

(CLB-20736)

## લુણીના શ્રાવક ભાઇઓ તથા શ્રાવિકા બહેનો શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે

અર્પિતા અને રાજેન કાંતિલાલ ધરોડ
નિર્મલા અને વિનોદ ભવાનજી ગલિયા
તરલા અને ભવાનજી કરમશી છેડા
વનિતા અને જગદીશ વશનજી ગાલા
ટેરીસીતા અને દીપક વશનજી શાહ
પુષ્પા અને મણીલાલ દેવજી ગલિયા
નેહા અને દીપેન શાંતિલાલ માલદે
અંજના અને અશોક પ્રેમજી સોની
સેજલ અને જેનીશ નવિનભાઇ છેડા
ઇન્દીરા અને હરખચંદ લાલજી સોની
ઉષા અને રમેશ ડુંગરશી શાહ/ગાલા
તરલા અને મનસુખ નાનજી ધરોડ
લીના અને નીતીન ઉમરશી ગલિયા
મીના અને ટીનેશ શાંતિલાલ ગાલા
ચંદ્રિકા અને વિનોદ વેલજી ગલિયા
સંગીતા અને કમલેશ હરખચંદ સોની
અમૃતબેન અને દામજી માલશી દેઢિયા

હેમા અને જયંત શિવજી માલદે
જયોતિ અને દીપક પોપટલાલ પેણવાલા
વર્ષા અને જગદીશ વશનજી શાહ/દેઢિયા
પ્રિયા અને અતુલ પ્રેમજી માલદે
બીજલ અને ભરત પ્રેમજી માલદે
ભારતી અને કાંતિલાલ બાબુભાઇ માલદે
જયવંતી અને વસંત હરશી ગલિયા
મીનાક્ષી અને જાદવજી લાલજી દેઢિયા
ભાવના અને હેમંત માવજી દેઢિયા
જયા અને જાદવજી પુંજા ગલિયા
ચેતના અને વંસત નાનજી સત્રા
રેખા અને રમેશ બાબુભાઇ માલદે
ભારતી અને દિનેશ કલ્યાણજી ગલિયા
હંસા અને જયેશ નરશી માલદે
વર્ષા અને કાંતિલાલ રતનશી ધરોડ
નીના અને શૈલેષ મોહનલાલ રાજગોર
જીજ્ઞા અને મહેશ ધનજીભાઇ દેઢિયા

કેશરબેન ગાંગજીભાઇ પાસુભાઇ દેઢિયા
અમૃતબેન લક્ષ્મીચંદ ગાંગજી છેડા
મણીબેન વેલજીભાઇ માલશી છેડા
શોભાબેન પ્રદીપભાઇ પોપટલાલ પેણવાલા
જયોતિબેન દીપકભાઇ શાંતિલાલ ગાલા
ગીતાબેન રમેશભાઇ લઘુ ધરોડ
પ્રજ્ઞાબેન નવિનભાઇ દામજી ગલિયા
પુષ્પાબેન રામજીભાઇ દેવજી ગલિયા
અલ્પાબેન વસંત માલશી સોની
હિના હિરેન રામજી ગલિયા/શાહ
હેતલ મુકેશ કલ્યાણજી ગલિયા
સરલા મેઘજી માલશી દેઢિયા
ભદ્રા અને જીતેન્દ્ર કુંવરજી સોની
લીલાવંતી અને રમેશ કુંવરજી છેડા
રંજનબેન અને કાંતિલાલ વેલજી દેઢિયા
નયના અને નવિનચંદ્ર શામજી દેઢિયા
વશનજી રામજી ચાંપસી ગલિયા

DEDHIA ARTS 98203 64681

MGCL

# MATUNGA GUJARATI CLUB LTD

NATHALAL PAREKH MARG, NEAR AURORA CINEMA, MATUNGA (C.R.), MUMBAI – 400 019.

## BRAND NEW, WELL DECORATED

### M.V. SAVANI BANQUET WITH DINNING AREA
(100 CAPACITY)

### K.K. SHAH BANQUET WITH DINNING AREA
(50 CAPACITY)

&

### TORAN BANQUET AND TERRACE WITH DINNING AREA
(250 CAPACITY)

### VRINDAVAN LAWN WITH DINNING AREA
(200 CAPACITY)

OFFICE :- 9930061034

MTNL :- 022 2409 5622 / 022 2403 1034

## CAFÉ – 19

(MULTI CUISINE RESTAURANT)
(MORNING 11.00AM TO 4.00PM)
&
(EVENING 7.00PM TO 12.00PM)
(Jain & Regular Food)

## RANGOLI RESTAURANT

Mob : 7400338294 / 5

KATHIYAWADI DELUX THALI
(MORNING 11.00AM TO 4.00PM)
(Evening 7PM to 10PM)

- Tuesday Full day and Monday to Sunday in Evening pay for two & enjoy One Free Unlimited Gujarati Thali in Rangoli Restaurant.
- Note : The above offer of Free Thali is not applicable for Group Bookings.
- Club entry charges for Rangoli Restaurant of Rs 50/- per head are applicable only on Sunday Mornings, Bank Holidays and Festival days.

Office Bearer - Board of Director

(CLSPD-10737)

NEEL PARI - 9322299742

# BIDADA YUVA MANDAL

Organised

## BIDADA PREMIER LEAGUE SEASON 4

BPL
BIDADA PREMIER LEAGUE
by - BIDADA YUVA MANDAL

# VOTE OF THANKS TO OUR TITLE SPONSOR

# AMARYYUG

AMARYYUG

**Shree Amarr Narendra Galla (Bidada)**

AMARYYUG













With immense gratitude,
we acknowledge Mr. Amarr Galla,
the visionary force behind Amaryyug

Shree Amarr Narendra Galla,
whose wholehearted support elevated
Bidada Premier League - Season 4
to new heights.

His belief in sportsmanship, community unity,
and local talent has been the backbone of
this grand cricketing celebration.
Because of patrons like him,
cricket in Bidada doesn't
just survive — it thrives.

As we look ahead to the next season,
we are honoured to have
Mr. Amarr Galla
once again stand with us
as Title Sponsor for
Bidada Premier League - Season 5.

Your belief inspires dreams and fuels
the future of Bidada cricket.

(CLSPB-20768)

HAZEL
Treks N Tours

Advt Sponsor

**ESHA PANKAJ CHHEDA (Khar - Bidada)**

BINITA S. MARU - 9869034162

|| ચારિત્ર કલ્યાણ ||

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ ઈ.સ. ૧૯૨૩

સ્થાનિક ઓફિસ : ચારિત્ર કલ્યાણ માર્ગ, સ્ટેશન રોડ, સોનગઢ, જિ. ભાવનગર, પીન : ૩૬૪૨૫૦. મો. 9723398100
મુંબઈ ઓફિસ : ૨/૩૪, મિનર્વા બિલ્ડીંગ, માધવદાસ પાસ્તા રોડ, દાદર (સે.રે.), મુંબઈ - ૧૪. મો. 9723298100

શતાબ્દી વર્ષ 100

ઉનાળુ વેકેશનમાં.. ઓ ! બ્રીલીયન્ટ Parents !!
આ વખતની તમારા Childerns માટે રજાઓ કયાં બુક કરશો ? ? લઈ આવી રહ્યું છે..

## "રત્નાશ્રમ શિબિર" એ નવી દુનિયાને શોધવાનો દરવાજો..

સોનગઢ રત્નાશ્રમના પ્રાંગણે છેલ્લા ૨ વર્ષથી સમાજ દ્વારા કરેલ રજૂઆતને ધ્યાનમાં લઈને શિબિરની પહેલને સમાજ દ્વારા અકલ્પનિય પ્રતિસાદ મળ્યો હતો..

1st Batch of Summer Camp 2026
21st - 30th April
દિકરાઓ માટે

જો કરવું હોય Summer Vacation ને Celebrate
અને બનવું હોય Life માં Great... , તો Don't be late
to enter રત્નાશ્રમ Summer Camp Gate

Age : 10 to 15 years

2nd Batch of Summer Camp 2026
1st - 10th May
દિકરાઓ માટે

નોંધ : તા. ૧૫.૦૨.૨૦૨૬ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશો.. પછી કહેતા નહિ અમે રહી ગયા...ફોર્મ ભર્યા બાદ બાળકનું નામ કેન્સલ કરતાં રીફંડ મળવા પાત્ર રહેશે નહિ તેમજ બીજા બાળકના નામમાં એક્સચેન્જ પણ નહિ થાય.. તેની ખાસ નોંધ લેવા વિનંતી...

ઓ વ્હાલી માતાઓ !!! મોબાઈલથી દુર.. કુદરતના ખોળે..
ફક્ત ૧૦ દિવસ માટે પણ તમારા દીકરા માટે આ અનુભવ ગુમાવવા જેવો નથી તો એક વખત વિચાર કરજો. આ સમર કેમ્પમાં નીચે મુજબની દૈનિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

SUMMER CAMP

## Activities to be carried out in Summer Camp

### Physical Growth
- live the life at Songadh
- Yoga, Malkham & Rope yog : Basics
- Sports Competition

### Intellectual Growth
1. Origami Work shop
- Cap Making
- Toys Making
- Maths model Making
- other Aspects

2. Introduction to IT Cell
- MS Office
- Code. ORG
- AI Awareness

3. Scientific Experiments ( Physics & Chemistry)

(CLB-20688)

### Emotional Growth
1. Various classes of art & craft
- Creative card making
- word art
- Calligraphy Shape & Design Writing
- Clay modeling
- Finger print & land scope printing
- Paper craft - Sand Animation

2. Public Speaking Workshop
- First Impression
- Speech and presentation
- How to overcome stage Fear
- Group discussion and debate

3. Environmental Camp & Trekking
4. Lets be friend of books
5. Career Counseling
6. Drama, Act & Cultrual Activities
7. Value education & Speeches by experts and guests

ઓનલાઈન ફોર્મ ભરવા માટેની લીંક
Rs. 2000/-
(Rs. 1000/- Refundable)

### Spiritual Growth
- Dharmik Activities
- Rangoli, Gahuli & Aangi
- Yatra at spritual places

★★ વધુ વિગત માટે સંપર્ક ★★ ભરત દેઢિયા - 9820193336, વિજય નિસર - 9967649078

લિ. મંત્રીઓ

RINKAL GALA : 9870834031

# INFiNiTy GlobAL HolidAyS

*One aim, excellence...*

Infinity GLOBAL HOLIDAYS

Worldwide International, Customised & Group Packages, Hotel Booking, Air Tickets, Overseas Insurance, Forex, Visa.

**14 Nights & 15 Days**

- 02 Amsterdam
- 03 Paris
- 04 Switzerland
- 01 Austria
- 04 Italy



## ENCHANTING EUROPE

Fixed Departure
6th May 2026
23rd May 2026

**ઉપરોક્ત પ્રવાસની વિશેષતાઓ:**

☞ Arpit Dedhia ના સથવારે

- પ્યોર વેજીટેરીયન સાથે જૈન ભોજનની વ્યવસ્થા.
- 3*/4* હોટલમાં રહેઠાણ, કોઈજ છૂપા ચાર્જ નહી.
- પ્રખ્યાત એરલાઈન્સમાં મુસાફરી.

Tour package includes Airfare, Visa, Hotels, Meals, Sightseeing, Transportation & Insurance for more details contact us:-

ARPIT DEDHIA - 9820918080/ +91 22-35137626
SURENDRA DEDHIA - 9820011066 (Sadau-Kutch)

info@infinityturio.com. www.infinityturio.com
Shop No.#9, Zest Business Spaces, M.G.Road,
Nr. Doshi Nursing Home, Ghatkopar(E) Mumbai-77.

(CLC-20748)

SONI GRAPHICS 9653103959


## સરળ સ્વભાવી, હસમુખા, વાત્સલ્ય વારિણી ફઈ મહારાજને

# વાત્સલ્યમયી વ્હાલાંજલી...



# પ.પૂ. સુભદ્રાબાઈ મહાસતીજી

**કાળધર્મ : તા. ૩૦/૦૧/૨૦૨૬** | **ઉ.વ. ૮૨ • દીક્ષા પર્યાય : ૬૪ વર્ષ**

વર્ષ ૧૯૪૪ માં અમારા દાદીમાં **સાકરબેન** બન્યા રત્નકુક્ષીણી માતા,
આજની લક્ષ્મી આવતી કાલના શાસન રત્ના કેવા મજાના લેખ લખ્યા તે વિધાતા
ચાર ભાઈઓની લાડલી બેન દેઢિયા કુટુંબની કુળ દીપિકા
**શાંતાબેનને** કોઈ રોકી ન શક્યા.
**વર્ષ ૧૯૬૩માં પૂજ્ય પુનમ ગુરુ**ને મુખે દીક્ષા મંત્ર લઈ
મણિ ગુરુણીના શિષ્ય એ તો **પૂજ્ય સુભદ્રાભાઈ** બન્યા.
ગુરુ બેનો સંગ ધર્મ આરાધનામાં ઓતપ્રોત રહી સંયમ જીવનને ખુબ દીપાવ્યો,
સિંહ ગર્જના કરતા એમણે આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયમાં ડંકો વગાડ્યો.
છેલ્લા શ્વાસ સુધી ગુરુભક્તોનો પામ્યા પ્રેમ, ને શિષ્યોએ સેવા કરી અપાર
અમ જીવનના ધર્મ પ્રેરણાદાતા, સૌ પર મીઠા શુભ આશિષ સદા વરસાવનાર
એવા ફઈ મહારાજ હવે નહીં જોવા મળશે ને નહીં જોવા મળે
એ તેજોમય ચેહરાવાળુ પ્રભાવિ વ્યક્તિત્વ, તેમની આદમ્ય ઓરામાં જાણે
આત્મ વિશ્વાસમાં વધારો કરતી ઉર્જાનું હતું અસ્તિત્વ.

અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પે આજ માતુશ્રી સાકર કુંવરજી રવજી દેઢિયા પરિવાર
વિતરાગી આપનો આત્મા હવે કેવળ જ્ઞાની બની વહેલી તકે
સિદ્ધપદને પામશે એવો વિશ્વાસ છે પારાવાર.

(CLB-20765)

**પ્રેમાળ સ્મૃતિમાં**

**શોકાતુર માતૃશ્રી સાકરબેન કુંવરજી રવજી દેઢિયા**
**સમગ્ર પરિવાર (સંસાર પક્ષે માવિત્ર પરિવાર)**

KHABAR PATRIKA : 8104209392

## શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-ડોંબિવલી(ઈ) (મોટા ઉપાશ્રય) ના પરમ ઉપકારી પૂ.ગુરૂણીમૈયાની વસમી વિદાય...ભાવથી ભાવાંજલી.



# પ.પૂ.સુભદ્રાબાઈ મહાસતીજી

પૂજ્યશ્રીના જીવનમાં
ત્યાગ-વૈરાગ્ય-તપ-જપ
અને સ્વાધ્યાય,
બધી પ્રવૃત્તિ પાછળ
આત્મ જાગૃતિનો અનેરો
આનંદ એમના મુખારવિંદ
પર તરી આવતો.

જીવનમાં વૈરાગ્યનો ઉજાસ પામી, આત્મામાં અનેક ગુણોનો આવાસ કરી, નવકાર મંત્રને શ્વાસો-શ્વાસમાં વસાવી, સકળ જૈન સંઘોમાં વિશ્વાસ જગાવી, ૮૨ વર્ષના જૈફવયે, ૬૪ વર્ષના દિક્ષા પર્યાય કરનાર કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના પૂ.આ.ભ.શ્રી પુનમચંદ્રજી સ્વામીના સુશિષ્યા પ.પૂ.સાધ્વીરત્ના સુભદ્રાબાઈ મહાસતીજી ના ચરણોમાં સ્નેહભરી કોટી કોટી વંદના.

(CLB-20752)

પૂ.ગુરૂણી મૈયા અમારા સંઘમાં ત્રણ યશસ્વી, યાદગાર ચાતુર્માસ કરેલ છે. અને આવનાર વર્ષમાં પણ અમારા શ્રી સંઘમાં પૂ.ગુરૂણી મૈયા ચાતુર્માસ નક્કી થયેલ છે. ત્યારે...પૂ.ગુરૂણીમૈયાની ખોટ વર્તાવશે.

**લી.શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-ડોંબિવલી(ઈ)-મોટા ઉપાશ્રય**
**કારોબારી કમીટી વતી કિરણ દેઢિયા**

# શ્રી પત્રી સચ્ચામાતાજી ભાવિક મંડળ

શ્રી પત્રી સ્થાને શ્રી સચ્ચામાતાજી અને શ્રી ખેતરપાળદાદાને નમતા ધરોડ તથા મોતા નુખના ભાવિકોની મુંબઈ ખાતેની ૪૦મી સમુહ પહેડી તા.૨૬/૧/૨૦૨૬ના યોગી સભાગૃહ મધ્યે દાતાશ્રી પરિવાર, ભાવિકો, નિયાણી બહેનો-આમંત્રિત મહેમાનો સર્વેની શ્રદ્ધાભરી - ઉમંગભેર હાજરીમાં ઐતિહાસિક-અલૌકિક-અવિસ્મરણીય રીતે રંગે-ચંગે સમયસર ઉજવાઈ...

## ભાવિક મંડળના નીચેના સર્વેના અંતરકરણ પૂર્વકના આભાર-ક્ષમાયાચના-અપેક્ષા

- પહેડીનાં દાતાશ્રી માતુશ્રી કેસરબેન લાલજી કેશવજી ધરોડ પરિવાર-વાંકીનો...
- સચોટ માર્ગદર્શન આપનાર શ્રી ખેતરપાળ દાદાના ભુઆ શ્રી રમેશભાઈ રામજી લધાભાઈ ધરોડનો...
- આ કાર્યક્રમનો સુપેરે સંચાલન કરવા બદલ ભાવિક શ્રી હરીશભાઈ ઠાકરશી ધરોડ નો...

(CLC-20733)

- શરૂઆતથી છેલ્લે સુધી સુમધુર સંગીતની સુરાવલીમાં તરબોળ કરનાર શ્રી રાજેન્દ્રભાઈ પાલા અને સાથી કલાકારોનો...
- પહેડીમાં શરૂઆતથી માતાજી સાથે વિવિધ ક્રિયાઓના જીવંત દર્શન કરાવી મધુર યાદોને કચકડામાં મઢનાર સંદીપ શાહ-બોરીવલી નો...
- સ્વાદિષ્ટ ભોજન પીરસીને પરિતૃપ્ત કરનાર કચ્છી કેટરર્સવાળા માવજીભાઈનો...
- યોગી સભાગૃહનાં મેનેજર શ્રી અશ્વીનભાઈ અને સંપુર્ણ સ્ટાફનો...
- અમને સમયસર કાર્યક્રમ પાર પાડવાં આપ સૌ ભાવિકોનો, આમંત્રિત મહેમાનો અને નિયાણી બહેનોનો...
- આ અયોજનને સુપેરે પાર પાડવા દરેક નામી-અનામી કાર્યકર ભાઈ-બહેનોનો...

આભાર

આ આયોજન દ્વારા અમારાથી કે અમારા કોઈ કાર્યકરથી જાણતાં-અજાણતાં કોઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો અમારા સહુના અંતકરણથી મિચ્છામી દુક્કડમ્...

ભવિષ્યમાં શ્રી સચ્ચામાતાજી અને શ્રી ખેતરપાળદાદાના મંદિરનાં નુતનીકરણ અને એકીકરણ માટે સાથ-સહકારની અપેક્ષા...

**ખાસ નોંધ:** મંદિરના નુતનીકરણ અને એકીકરણના આગામી કાર્યક્રમ માટે, ચુલા દીઠ ભાવિકોના 'કુટુંબ માહિતી પત્રક' પહેડીમાં આપેલ હતા, તે ફોર્મને ભરીને , આજની બોક્સ એડમાં આપેલ સેન્ટરો પર જમાં કરાવવા વિનંતી.

લિ. શ્રી પત્રી સચ્ચામાતાજી ભાવિક મંડળના ટ્રસ્ટીઓના જય શ્રી સચ્ચામા

જાહેરાત સૌજન્ય

BR SYMBOL OF TRUST

**BHAVNA ROADWAYS**

શ્રી પ્રવિણચંદ્ર મગનલાલ નાગશી અને
શ્રી મણીલાલ મગનલાલ નાગશી ધરોડ-પત્રી/બોરીવલી

SONI GRAPHICS 9653103959

# સામાજીક સહકાર્યકર અને દિલેર મિત્રનો વિયોગ



## શ્રી નવિનચંદ્ર વિસનજી શાહ

કચ્છ : ભુજપુર ▪ ચેમ્બુર - મુલુંડ

દેવલોકગમન : તા. ૩૧-૧-૨૦૨૬

ધર્મમાં અનુરાગ, કોઈ પ્રત્યે ના દ્વેષ કે રાગ,
જીવદયા, પરકાજ ,પરહિત કાર્ય કર્યા
એવા આડંબર રહિત, સાદગીપૂર્ણ, જીવન રહ્યું એવું
મિત્રતાનું બંધન નિભાવ્યું, અવિસ્મરણીય બની રહે તેવું....

સમાજની કોઈપણ શૈક્ષણિક કે સામાજીક પ્રવૃત્તિ એવી નહીં હોય
જેમાં સદ્ગતશ્રી નવીનભાઈ શાહનો ફાળો ન હોય...
વિશેષ કરીને શ્રી ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલય,
શ્રી માટુંગા બોર્ડિંગ,શ્રી કવિઓ દેરાવાસી જૈન મહાજન
જેવી અન્ય સંસ્થાઓમાં પોતાની સેવા આપી.
તેમના સ્વર્ગવાસથી સમાજને તેમજ પરિવારને ખોટ આવી પડેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા તેમને શીઘ્ર મોક્ષગામી કરે એજ અભ્યર્થના...

(CLC-20770)

**શ્રી પદમશી શામજી શાહ પરિવાર (ગઢશીશા-મુલુંડ)**
**શ્રી ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા પરિવાર (નારાણપુર-ગોવાલીયા ટેંક)**


BINITA S. MARU - 9869034162

# શ્રી સિદ્ધાચલ ૯૯ યાત્રાના સંઘપતિ બનનારા તથા અનેક સુકૃતોની હારમાળા સર્જનારા

**સુકૃતોની અનુમોદના**

## ગઢશીશાના સુશ્રાવક પરિવાર : સંઘમાતા માતૃશ્રી ગંગાબેન અને સંઘપતિ શ્રીમાન ગોવિદજી લાલજી ગડા સમસ્ત પરિવાર

**સુકૃતોની અનુમોદના**





અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શુભ આજ્ઞા-આશિષ તથા **પ.પૂ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ. સા. શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.** આદિ વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતોની શુભ નિશ્રામાં **ગઢશીશા**ના સુશ્રાવક પરિવાર **સંઘમાતા માતૃશ્રી ગંગાબેન** અને **સંઘપતિ શ્રીમાન ગોવિદજી લાલજી ગડા સમસ્ત પરિવારજનો** દ્વારા આયોજિત શ્રી શેત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા ખૂબજ ઉલ્લાસ ઉમંગ ભક્તિસભર નિર્વિઘ્ને પરિપૂર્ણ થઈ. સગાં-સંબંધીઓ, મિત્ર પરિવારો સહ સર્વે યાત્રિકો ભાવસભર ૯૯ યાત્રા કરી આત્મિક આનંદ પામ્યા.

દાતા પરિવારજનો સંપુર્ણ ૯૯ યાત્રા દરમ્યાન માથા પર બરફ અને જીભ પર સાકર રાખીને સૌ યાત્રિકો પ્રત્યે નમ્રતાભર્યો વ્યવહાર થકી સૌના દિલ જીતી લીધા... જિનશાસનની એક ઉક્તિ પ્રમાણે ''પરભવની પુન્યાઈ થકી આ ભવમા પ્રાપ્ત થયેલી લક્ષ્મીને આવતા ભવમાં સાથે લઈ જવાનો એક માત્ર વિકલ્પ એટલે જિનશાસનના સુકૃતો કરતા રહો... કરતા રહો...'' આ ઉક્તિને દાતા પરિવારજનો ચરિતાર્થ કરી રહ્યા છે. ખૂબ ખૂબ અનુમોદના.

ગડા પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક કાર્યો તથા સુકૃતોની હારમાળા :

- **ગઢશીશા થી સુથરી અને દેઢિયા તીર્થનો છરી પાલક સંઘ કાઢયો હતો...**
- **દિગ્રશના મુમુક્ષુ શ્રીમતી કલ્પનાબેન (સા.શ્રી કલશગુણાશ્રીજી મ.સા.)ની સંપૂર્ણ દિક્ષા...**
- **મહેસાણાની બાજુમાં રાતેજ તીર્થમાં અઠ્ઠમ તપ...**
- **આગાસી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત જયેશ ભુવનના પ્રણેતા...**
- **ગઢશીશા ગડા પરિવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના નૂતન મંદિરના પ્રણેતા...**
- **ગઢશીશા વિમલ નગરમાં શ્રી વિમલનાથ દાદાનું સંગેમરમરનું ભવ્ય જિનાલય ઉપાશ્રય ભોજનશાળા સેનેટરી વિગેરેના સ્થાપક...**

અને હવે સંઘપતિ પરિવારજનોના વરદ્ હસ્તે જિનશાસનના અનેકવિધ સુકૃતોની હારમાળામાં વધુ એક પુષ્પ ઉમેરાઈ ગયું...



દાતા પરિવારજનો પર પરમાત્મા શ્રી આદિનાથ દાદાની સદાય મહેર વરસતી રહે અને દાતા પરિવારજનોના કરકમળે જિનશાસનના અનેકવિધ સુકૃતો થયા કરે...એજ અંતરથી નમ્રભાવે શ્રી આદિનાથ દાદાને પ્રાર્થના.

(CLC-20751)

**આપના સુકૃતોના અનુમોદક :**

## ગઢશીશા શ્રી સચ્ચા માતાજી ભાવિક સંઘ તથા સર્વે ગડા ભાવિકોના જય શ્રી આદિનાથ દાદા

હિરેન દેઢિયા : 9820881876

---

**રજત જયંતીની થી સુવર્ણ જયંતીની સફરે પદાર્પણ કરનાર વ્યવસાયિક મિત્ર**

## શ્રી વિનેશભાઈને અભિનંદન

25th years ANNIVERSARY

Venus® Designer Lounge
CUSTOMIZED TAILORING
Malad (West)

આ સફર માત્ર વ્યવસાયની નથી,
પરંતુ સંબંધો, વિશ્વાસ અને લાગણીની છે,
જેમાં દરેક ગ્રાહક તમારો પરિવાર બની રહ્યો,
દરેક શુભેચ્છક તમારી શક્તિ બન્યો અને
દરેક સ્વજન તમારી સફળતાના આધારસ્તંભ બન્યા.
વ્યવસાયિક ક્ષેત્રે સફળતાના
ઉન્નત શિખરો સર કરો એવી શુભેચ્છાઓ.

SNOWMAN SHIRTS

(CLC-20741)

**Bharat Vasanji Gada (Mapar)**

NEEL PARI - 9322299742

---

||શ્રી ગણેશાય નમઃ|| ||શ્રી સચ્ચામાતાય નમઃ|| ||શ્રી જખ્ખદાદાય નમઃ||





કચ્છ ગોધરા સ્થાને કુળદેવીશ્રી
સચ્ચામાંને નમતા રાંભિયા નુખના
(ગોધરા, લાયજા, મેરાઉ તથા ભોજાય)
ગામના સહુ રાંભિયા ભાવિકો તથા નિયાણી
બહેનો સહકુટુંબ તથા આમંત્રિત મહેમાનોને

**પહેડીમાં પધારવા ભાવભીનું હાર્દિક આમંત્રણ...**

**રવિવાર, તા.૮-૨-૨૦૨૬**

શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી
ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.)
પહેડીના મંગલમય અવસરની શુભ શરૂઆત સવારે ૮.૦૦ થી

**પ્રસાદ ભોજન: પારીસો કેટરર્સ**

**ક્ષમાયાચના : તા.૩૧-૧-૨૦૨૬ના પાનામાં પ્રસાદ ભોજન પારીસો કેટરર્સ વાંચવા વિનંતી.ભૂલ માટે ક્ષમાયાચના**

(CLC-20742)

**• સ્વાગત ઉત્સુક •**

માતુશ્રી મુલબાઈ મુલચંદ દેવજી વસાઈઆ રાંભિયા પરિવાર - મોટા લાયજા
શ્રીમતી ગીતાબેન શરદભાઈ મુલચંદ રાંભિયા પરિવાર

NEEL PARI - 9322299742